## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ

## એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૦૨/૧૧/૨૦૨૦નાં રોજ ONLINE WEBEX MEET નાં માધ્યમથી યોજાયેલ ખાસ ૭૦મી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૦મી ખાસ બેઠક તા.૦૨/૧૧/૨૦૨૦નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ઓનલાઈન વેબેક્ષ મીટનાં માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં એક્ઝીક્યુટીવ કાઉન્સીલની મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

1. માન.કુલપતિશ્રી– અધ્યક્ષશ્રી
2. ડૅા.કૃષ્ણપ્રસાદ નિરોલાજી
3. ડૅા. લલીતકુમાર એ. પટેલ
4. શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
5. ડૅા. પકંજ ત્રિવેદી
6. ડૅા. આશાબેન માઢક
7. ડૅા. અર્જુનકુમાર શામલ
8. કુલસચિવ

સૌપ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ જે બાબતે ચર્ચા-નિર્ણય કરવાનો હોય તેમાં કુલપતિશ્રી અને કુલસચિવ હાજરી ન આપે તેમ ઉચિત ગણાતા કુલસચિવ દ્વારા જે વિષયે ખાસ બેઠક બોલાવવામાં આવી તે સંદર્ભે માહિતી આપવામાં આવેલ ત્યારબાદ માન.કુલપતિશ્રીએ સુચવ્યા મુજબ કુલપતિશ્રી અને કુલસચિવ એજન્ડામાં ભાગ ન લેવા બેઠક છોડી દીધી હતી અને એજન્ડા નં.૭૦.૦૧ પર ચર્ચા કરવા માટે માન.કુલપતિશ્રી દ્વારા મનોનિત સભ્ય સચિવ તરીકે સંશોધન અધિકારી ડૅા.કાર્તિક પંડયાજીએ હાજરી આપી આગળની કાર્યવાહી કરેલ જેમાં તેઓએ કરેલ કામગીરીની કાર્યનોંધ કુલસચિવશ્રીને બંધ કવરમાં આપી હતી જે બંધ કવર પર માન.કુલપતિશ્રીએ આપેલ આદેશ મુજબ તેને ખોલવામાં આવેલ અને આ બાબતે થયેલ ઠરાવ શબ્દસહ નીચે મુજબ છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

<u>એજન્ડા :-</u>

યુનિવર્સિટીમાં પ્રાપ્ત થયેલ ડૉ. રમેશચંદ્ર શુક્લના સમય માંગતા પત્ર તા.૨૮/૧૦/૨૦૨૦ પર વિચારણા કરવા બાબત.

<u>ઠરાવ :-</u>

યુનિવર્સિટીની કોન્સ્ટીટ્યુટ કોલેજ ખાતે આસિ.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. રમેશચંદ્ર શુકલના તા. 03/0૭/૨૦૨૦ના પત્રના પ્રતિભાવમાં,

(૧) કુલસચિવશ્રીએ તા. 0૨/0૯/૨૦૨૦નો પત્ર ડૉ. શુક્લને આપેલ.

(૨) ત્યારબાદ તે બાબતે યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સિલ દ્વારા ઠરાવ નં. ૬૭.૧૮ કરવામાં આવેલ.

(૩) તેના અનુસંધાનમાં ડૉ.શુક્લને તા. ૧૮/0૯/૨૦૨૦ વાળો"એકત્રિતપત્ર/કારણદર્શકનોટીસ" આપવામાં આવેલ અને તેનો પ્રત્યુત્તર આપવા માટે ૧૫ દિવસની સમય મર્યાદા આપેલ.

(૪) તેના પ્રતિભાવમાં ડૉ. શુકલએ તેમના તા. ૨૮/0૯/૨૦૨૦ના પત્ર આવક નં. ૮૪0૮થી તેમને પ્રત્યુત્તર આપવા આપેલ ૧૫ દિવસની સમય મર્યાદા વધારી આપી ત્રણ માસની કરી આપવા વિનંતી કરેલ.

(૫) કુલસચિવશ્રીનો આ પત્ર, ડૉ. શુકલના તા. ૩/0૭/૨૦૨૦ના પત્રનો ફક્ત પ્રતિભાવ હતો. તેનાથી ડૉ. શુકલનો કોઈ ખુલાસો માંગવામાં આવેલ નહિ. આમ છતાં જાણે કે તેનો ખુલાસો કરવાનો હોય તે રીતે ડૉ. શુકલએ તેમના તા.૨૮/0૯/૨૦૨૦ના પત્રથી(i)કુલસચિવશ્રીના તા. 0૨/0૯/૨૦૨૦ના અને (ii)એક્ઝીક્યુટીવ કાઉન્સિલના ઠરાવના અનુસંધાનમાં આપેલ પત્રતા. ૧૮/0૯/૨૦૨૦, એમ બન્ને પત્રનો જવાબ આપવા ત્રણ માસની સમય મર્યાદા આપવા તા. ૨૮/0૯/૨૦૨૦નો પત્ર પાઠવેલ.

(૬) ડૉ. શુકલનો આ પત્ર ધ્યાને લઈ યુનિવર્સિટી એક્ઝીક્યુટીવ કાઉન્સિલે <u>તા.૨૧/૧૦/૨૦૨૦નો</u> ઠરાવ નં. ૬૯.0૫ કરેલ અને ઠરાવેલ કે માનનીય કુલપતિશ્રીએ તેમને મળેલ સત્તાની રુઈએ તા. 03/૧૧/૨૦૨૦ના રોજ પુરા થતા ઓફિસ સમય સુધી સમય વધારી આપેલ છે અને તેની જાણ કુલસચિવશ્રીએ ડૉ. શુકલને તા. 0૧/૧૦/૨૦૨૦ના પત્રથી કરેલ છે તેને બહાલી આપવામા આવે છે અને ઠરાવેલ કે હવે પછી કોઈ પણ સમય મર્યાદા વધારી આપવામાં આવતી નથી જેની જાણ કુલસચિવશ્રીએ શુક્લજીને કરવી વિગેરે.

(૭) તે બાબતની જાણ ડૉ. શુક્લને તા. ૨૮/૧૦/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ. આ પત્ર તેમને આપવામાં આવે તે અગાઉ તેઓએ યુનિવર્સિટીમાં તે જ દિવસે તા. ૨૮/૧૦/૨૦૨૦નો

પત્ર આપી, જવાબ આપવા આપેલ સમય મર્યાદા,તા. ૦૩/૧૧/૨૦૨૦ થી એટલે કે વધુ ૬૦ દિવસ વધારી આપવા વિનંતી કરેલ.

(૮) આને લીધે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ કે જાણે યુનિવર્સિટી એક્ઝીક્યુટીવ કાઉન્સિલે ઠરાવ નં. ૬૯.૦૫ થી ઠરાવ્યા મુજબ ડૉ. શુકલને વિશેષ સમય આપવામાં આવતો નથી તેની જાણ કરતા અગાઉ તેમનો વધુ ૬૦ દિવસનો સમય માંગતો પત્ર આવતા જાણે કે તેમના તે પત્રને ધ્યાને લીધા વિના તા. ૨૮/૦૯/૨૦૨૦નો પત્ર આપી સમય આપવામાં આવતો નથી તેવી જાણ કરી જેથી કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ થાય. જેથી ડૉ. શુકલના તા. ૨૮/૧૦/૨૦૨૦ના વધુ ૬૦ દિવસના (કુલ મળી ૩ માસ) સમય માંગતા પત્ર બાબતે વિચાર કરવા તે પત્ર એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સમક્ષ વિચારણા અર્થે મૂકવામાં આવેલ છે.

(૯) કુલસચિવે તા. ૦૨/૦૯/૨૦૨૦નો પત્ર ડૉ. શુક્લને આપ્યા બાદ તે પત્ર ધ્યાને લઈને જ એક્ઝીક્યુટીવ કાઉન્સિલે તેની તા. ૦૫/૦૯/૨૦૨૦ની બેઠકમાં ઠરાવ નં. ૬૭.૧૮ કરી "એક્રિત પત્ર/કારણદર્શક નોટીસ" આપવા ઠરાવેલ. અને તે પ્રમાણે તા. ૧૮/૦૯/૨૦૨૦નો "એક્રિત પત્ર/કારણદર્શક નોટીસ" આપેલ જેમાં કુલસચિવે તા. ૦૨/૦૯/૨૦૨૦ના પત્રથી આપેલ પ્રતિભાવની બાબતો પણ આવી જાય છે જેથી તે એક જ "પત્ર/કારણદર્શક નોટીસ" તા. ૧૮/૦૯/૨૦૨૦નો ડૉ. શુકલએ જવાબ આપવાનો રહે છે.

(૧૦)જો ડૉ. શુકલના તા. ૨૮/૧૦/૨૦૨૦ના પત્રને વિચારણામાં લઈ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ દ્વારા ઘટતો નિર્ણય કરવામાં ના આવે અને ઠરાવ નં. ૬૯.૦૫ ના અનુસંધાનમાં કુલસચિવે આપેલ તા. ૨૮/૦૯/૨૦૨૦ના પત્ર મુજબ ડૉ.શુકલને કરેલ જાણ જેવી કે તા. ૩/૧૧/૨૦૨૦ બાદ કોઈ સમય મર્યાદા વધારી આપવામાં આવતી નથી એ હકીકત ઉભી રહે તો તે વ્યાજબી જણાશે નહિ અને જાણે કે તેનાથી કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ થાય છે તેવુ થશે.જેથી તા.૨૮/૧૦/૨૦૨૦ના ડૉ. શુકલના પત્ર પર વિચારણા કરવા યુનિવર્સિટી એક્ઝીક્યુટીવ કાઉન્સિલની આજ રોજની આ મીટીંગમાં તે બાબત ચર્ચા વિચારણા અર્થે હાથ ધરાયેલ.

(૧૧)આ બાબતની ચર્ચા વિચારણા હાથ પર ધરાય તે અગાઉ વાઈસ ચાન્સેલરશ્રી તથા સભ્ય સચિવ – કુલસચિવ Online webex નાં માધ્યમથી હોઈ તેઓ મીટીંગમાંથી બહાર નીકળી ગયા હતા અને તેટલી બાબત પૂરતા સભ્ય સચિવ તરીકે ડૅા.કાર્તિક પંડયાએ કાર્યવાહી સંભાળેલ.

(૧૨) (i) આ તમામ ધ્યાને લઈ એવુ ઠરાવવામાં આવે છે કે ડૉ. શુકલનેતા. ૧૮/૦૯/૨૦૨૦ના "એકત્રિત પત્ર/કારણદર્શક નોટીસ" નો જવાબ આપવા શરુમાં આપેલ ૧૫ દિવસની સમય મર્યાદા વધારી તા. ૦૩/૧૧/૨૦૨૦ સુધી કરવામાં

આવેલ તે વધુ તા.૧૯/૧૧/૨૦૨૦સુધી વધારી આપવામાં આવે છે. આપેલ "એકત્રિત પત્ર/કારણદર્શક નોટીસ" તા.૧૮/૦૯/૨૦૨૦થી ગણતા વધારેલ સમય તા. ૧૯/૧૧/૨૦૨૦ સુધીમાં ડૉ. શુકલને જવાબ આપવા ૬૦દિવસથી વધુનો સમય મળશે અને તે દરમ્યાન આવનારી રજાઓનો લાભ પણ એમને મળશે જેથી તેઓ તેમનો જવાબ આપી શકશે.

(ii) આથી એવુ પણ ઠરાવવામાં આવે છે કે આ રીતે પુરતો સમય મળવા છતાં ગેરવાજબી અને અન્યાયી રીતે ડૉ. શુક્લ જવાબ ના આપે અને વધુ સમયની માંગણી કરતો પત્ર આપે તો તેનો અર્થ એ કે તેઓ બિનજરુરી રીતે બાબત લંબાવ્યે જવા માંગે છે અને તે સંજોગોમાં તેમને વિશેષ સમય આપવામાં આવશે નહિ.

(iii) આથી એવુ પણ ઠરાવવામાં આવે છે કે જો સમય મર્યાદામાં ડૉ. શુક્લ તેમનો જવાબ ના આપે તો તેમની પાસે જવાબ આપવા કોઈ વજૂદ નથી તેથી જવાબ આપેલ નથી તેમ ગણી આગળ નિયમ મુજબની વિચારણા કરવામાં આવશે.

(iv)એક્ઝીક્યુટીવ કાઉન્સિલની આગામી બેઠકમાં કુલસચિવે ડૉ. શુક્લનો આવેલ જવાબ વધુ વિચારણા અર્થે રજૂ કરવો અને જો જવાબ ન આવેલ હોય તો તે હકીકતની જાણ કરવી જેથી તે જે હોય તે ધ્યાને લઈ ઘટતુ થઈ શકે.

(v) આવશ્યકતાના સિધ્ધાંત મુજબ કુલસચિવશ્રીએ વિના વિલંબે આ ઠરાવની જાણ ડૉ. શુકલને કરવી.

બેઠકને અંતે સભ્યસચિવ ડૅા.કાર્તિક પંડયાએ સૌ મહાનુભાવોનો આભાર માન્યો હતો અને બેઠકને પૂર્ણ જાહેર કરી હતી.

02/11/20
ડૅા.દશરથ જાદવ
(કુલસચિવ)